તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ગુણવત્તા વધારવા માટે શાળાએ વધારાની પ્રવૃત્તીઓ કરવાની થાય છે. તેમજ સુનાવણીના અંતે શાળાએ લેખીતમાં સંમતી આપી તે મુજબ ફી નિર્ધારીત કરીઆપવા સારૂ વિનંતી કરેલ છે.

(૪) શાળાએ સને ૨૦૨૨-૨૩ અને સને ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબો રજૂ કરેલ છે. શાળાએ રજૂ કરેલ હિસાબોની ચકાસણી કરતા શાળાએ કુલ આવક રૂ.૧૬,૮૦,૬૬,૮૨૧/- દર્શાવેલ છે. અને કુલ ખર્ચ રૂ.૨૦,૩૫,૦૭,૮૨૮,/- દર્શાવેલ છે. અને શાળાના હિસાબોમાં રૂ.૩,૫૪,૪૧,૦૦૭/-ની ખોટ દર્શાવેલ છે. શાળાના આ હિસાબો ચાર્ટડ એકાઉન્ટન્ટ ફી નિયમન સમિતિ દ્વારા ચકાસણી કરવામાં અવેલ છે. તેમાં અગાઉ વચગાળાના આદેશ કરતી વખતે જે ખર્ચનો સંપૂર્ણ માન્ય ખર્ચમાં સમાવેશ કરવામાં આવેલ નહી. તે પૈકી એજ્યુકેશનલ એક્ટીવીટી ખર્ચ, આર. અને એમ. ખર્ચ, તેમજ અન્ય ખર્ચનો માન્ય ખર્ચમાં સમાવેશ કરવાપાત્ર હોવાનું જણાઇ છે. અને આમ શાળાએ રજૂ કરેલ હિસાબો તથા રજૂ કરેલ પેપર્સ જોતા અને શાળાને તેનું વ્યાજબી વળતર મળવુ જોઇએ તેમજ શાળા IB બોર્ડ ધરાવતી હોઇ અને નવી શિક્ષણ નીતી અન્વયે શાળાએ વિદ્યાર્થીઓની વધુ સગવડ આપવાની થાય છે. શાળાએ રજૂ કરેલ મિલ્કત સંબંધીત દસ્તાવેજો સભ્યશ્રી સીવીલ એન્જીનીયર ફી નિયમન સમિતિ દ્વારા ચકાસણી કરવામાં અવેલ છે. શાળાએ રજૂઆંત કર્યા મુજબ ગુજરાત રાજ્યમાં આ જ પ્રકારના બોર્ડની જે શાળાઓ ચાલે છે તે શાળાઓની ફી હાલની શાળા કરતા વધારે હોવાનું જણાવે છે. અને અમદાવાદમાં ચાલતી અદાણી ઇન્ટરનેશનલ સ્કૂલનું ફી સ્ટ્રકચર અંગેનું પત્રક રજૂ કરેલ છે. જે જોતા હાલની શાળા કરતા અદાણી ઇન્ટરનેશનલ સ્કૂલની ફી વધુ હોય તેમ જણાઇ છે. તેમજ વડોદરા મુકામે આ પ્રકારનો ઇન્ટરનેશનલ કોર્સ ચલાવતી એક માત્ર શાળા છે. તેવી રજૂઆત કરેલ છે. શાળાએ રજૂ કરેલ પેપર્સમાં શૈક્ષણિક કોર્સ, કાર્ય અને પધ્ધતી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સબબ જે શૈક્ષણિક હેતું માતે ખર્ચ કરેલ છે. વધુમાં સરકારશ્રી દ્વારા આર.ટી.ઇ. અન્વયેના વિદ્યાર્થીઓ શાળાને ફાળવવામાં આવેલ છે. તે હકીકત ધ્યાને લેતા શાળા લેખીત સંમતી મુજબ પ્રિ.પ્રાયમરી વિભાગમાં રૂ.૩૭૫૦/-, પ્રાયમરી વિભાગમાં રૂ.૪૦૦૦/-, માધ્યમિક વિભાગમાં રૂ.૩૮,૦૦૦/- અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં રૂ.૭૦,૦૦૦/- સુધી શાળાને વચગાળાના આદેશમાં ફેરફાર કરી વધારો કરી આપવાનું ફી નિયમન સમિતિને ન્યાયોચીત જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માંગણી | ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. |
| (૧) | (૨) | (3) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | ૯૭ | રૂા.૧,૪૩,૧૦૫/- | રૂા.૧,૦૧,૫૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૧૧૯ | રૂા.૧,૪૩,૧૦૫/- | રૂા.૧,૦૧,૫૦૦/- |
| (3) | સી.કે.જી. | અંગ્રેજી | ૧૨૦ | રૂા.૧,૪૩,૧૦૫/- | રૂા.૧,૦૧,૫૦૦/- |

ફી નિયમન સમિતિ સત્યમેવ જયતે વડોદરા ઝોન, વડોદરા

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૪) | ૧ | અંગ્રેજી | ૬૨ | રૂા.૨,૩૦,૩૦૬/- | રૂા.૧,૮૦,૦૦૦/- |
| (૫) | ૨ | અંગ્રેજી | ૬૩ | રૂા.૨,૩૦,૩૦૬/- | રૂા.૧,૮૦,૦૦૦/- |
| (૬) | 3 | અંગ્રેજી | ૬૩ | રૂા.૨,૩૦,૩૦૬/- | રૂા.૧,૮૦,૦૦૦/- |
| (૭) | ૪ | અંગ્રેજી | ૬૩ | રૂા.૨,૩૦,૩૦૬/- | રૂા.૧,૮૦,૦૦૦/- |
| (૮) | ૫ | અંગ્રેજી | ૫૬ | રૂા.૨,૩૦,૩૦૬/- | રૂા.૧,૮૦,૦૦૦/- |
| (૯) | ૬ | અંગ્રેજી | ૬૨ | રૂા.૨,૩૦,૩૦૬/- | રૂા.૧,૮૦,૦૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | ૫૮ | રૂા.૨,૩૦,૩૦૬/- | રૂા.૧,૮૦,૦૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | ૬૨ | રૂા.૨,૩૦,૩૦૬/- | રૂા.૧,૮૦,૦૦૦/- |
| (૧૨) | ૯ | અંગ્રેજી | ૫૫ | રૂા.૨,૮૧,૩૯૨/- | રૂા.૨,૪૦,૦૦૦/- |
| (૧૩) | ૧૦ | અંગ્રેજી | ૫૮ | રૂા.૨,૮૧,૩૯૨/- | રૂા.૨,૪૦,૦૦૦/- |
| (૧૪) | ૧૧ જનરલ | અંગ્રેજી | ૩૨ | રૂા.૪,૯૫,૬૪૪/- | રૂા.૩,૭૫,૦૦૦/- |
| (૧૫) | ૧૨ જનરલ | અંગ્રેજી | ૩૭ | રૂા.૪,૯૫,૬૪૪/- | રૂા.૩,૭૫,૦૦૦/- |

શરતો :-

૧) સને ૨૦૨૪-૨૫ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસૂલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થીના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

3) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસૂલ કરી શકશે. વધુમાં કોઇ પણ વાલીએ સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના માન્ય કરેલ ફી મુજબની વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાર્ટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૪) ફી નિયમન સમિતિ દ્વારા સને ૨૦૨૪-૨૫ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૫-૨૬ તેમજ સને ૨૦૨૫-૨૬ની નક્કી કરેલી ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં લઇ શકશે.

૫) અરજદાર શાળા ફી નિયમન સમિતિના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસૂલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમ દ્વારા ફીમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાર્ટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસૂલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૬) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની ફી નિયમન સમિતિ, વડોદરા દ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

૭) અરજદાર શાળા આ હુકમથી નારાજ હોય તો હુકમ મળ્યાની તારીખથી ૨૧ દિવસમાં ફી રીવીઝન કમિટીને નીચેના સરનામે ફી રીવીઝન અરજી કરી શકશે.

અધ્યક્ષશ્રી,
ફી રીવીઝન કમિટી,
છઠ્ઠો માળ,બી વિંગ, બ્લોક-૧,

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા સત્યમેવ જયતે